# અનુક્રમ


- શિવકાંચી અને સૂર્યકોટિ ---------------------------------- 1
- અગ્નિબાહુ ---------------------------------- 35
- ખરી કસોટી ---------------------------------- 60
- રાજરમત ---------------------------------- 100
- બદલાની આગ ---------------------------------- 136
- વિરાટ : એક શ્રેષ્ઠ યોદ્ધો ---------------------------------- 164
- અંતિમ નિર્ણય ---------------------------------- 188

# શિવકાંચી અને સૂર્યકોટિ

ઘોર કસુંબલ સંધ્યા હળવે હળવે કાલકૂટ રજનીમાં વ્યાપી રહી હતી. પૂર્ણિમાનો ચંદ્ર પણ અંધકારાચ્છન્ન થયો હતો. શિવકાંચીની રજેરજમાં કાલકૂટ વ્યાપી રહ્યું હતું, જાણે તેનું પતન થવાની તૈયારીમાં હોય! વાતાવરણે અશાંતિરૂપી મૌનની ચાદર ઓઢી હતી. ભાવિથી ચિંતિત નગર શિવકાંચી શોકમગ્ન સ્થિતિમાં પીગળી ગયેલા મીણની જેમ સ્થિર થઈ ચૂક્યું હતું. તેમાંથી નવો ઘાટ ઘડાશે કે કેમ તેનું અનુમાન લગાવી શકાય એમ ન હતું. સર્વત્ર મૌન, શોક, ચિંતા, વ્યગ્રતા અને અશાંતિ સાથેની નીરવતા.

એવા અણધાર્યા સમયે એક પાલખી શિવકાંચીની શેરીઓમાંથી પાણીના રેલા પેઠે સરી આવતી દેખાઈ. પાલખીની સાજસજાવટ પરથી તે રાજસી હોવાનું પરખાઈ આવતું હતું. શિવકાંચીની પ્રજા અટકળે ચડી. પાલખી હોવાથી નક્કી તેમાં કોઈ સ્ત્રી જ હોવી જોઈએ! પણ શું આવા સમયે? શિવકાંચી જ્યારે અશાંતિના રજ્જુ પર હલબલી રહ્યું છે ત્યારે? કાળ મુખ ફાડીને ઊભો છે ત્યારે? ટાંપીને બેઠેલા દુશ્મનો ગમે ત્યારે ત્રાટકી શકે તેવી સ્થિતિમાં? ગમે ત્યારે યુદ્ધ થઈ શકે તેવા સમયે? આ કાળીડિબાંગ ડાકણ જેવી રાત્રિએ? એ પણ કોઈ સૈનિક સલામતી વગર! એવી કઈ જન્મદાત્રી હશે કે જેણે આવી નિર્ભયાને જન્મ આપ્યો હશે?

ત્યાં તો મૂકનગરને પાલખીમાંના રુદને હલબલાવી નાખ્યું. ઉવાં... ઉવાં...ના રુદનધ્વનિએ સુન્ન થઈ ગયેલા શિવકાંચીના વાતાવરણમાં ફરી અસમંજસભરી સ્થિતિ પેદા કરી. ક્ષુધાથી રુદન કરતું બાળક માતાના થાનને શોધતું મસ્તક આમથી તેમ કરી રહ્યું હતું. રોજ પ્રેમથી આલિંગન આપતી માતા આજે કેમ આવી ક્રૂર બની છે તેની બાળકને શી ખબર? એની ક્રૂરતાનું કારણ તે બાળક કઈ રીતે જાણી શકે? શું એ ખરેખર ક્રૂર હતી કે પછી આ ઘડીએ તેને તેના બાળક કરતાં પણ બીજી કોઈ બાબત વધુ મહત્ત્વપૂર્ણ લાગતી હતી કે પછી પોતાનું બાળક રડે છે એવું એને ભાન જ ન હતું! બાળકના રુદને શિવકાંચીની ગલીઓ ગુંજી ઊઠી. પાલખીના પડદા પાછળના રહસ્યનો તાગ મેળવવા બહારની પ્રજા ચર્ચાએ ચઢી.

'અરે રુદન પરથી તો લાગે છે કે બાળક માંડ આઠ-દસ દિવસનું હશે!' પ્રજામાંથી કોઈક અનુભવી ઘરડી સ્ત્રી બોલી.

'કોણ હશે પાલખીમાં? એની મા નહીં હોય, નહીંતર માને પોતાના સંતાનથી વળી વધુ વહાલું કોણ હોઈ શકે?' બીજીએ ટાપસી પુરાવી.

'સાચી વાત! રોમ ખડાં કરી દે એવું રુદન શું એને નહીં સંભળાતું હોય? શિવ... શિવ... શિવ...' ફરી કોક નિસાસો નાખતાં બોલ્યું.

બહારથી કર્ણપટલ પર અથડાતાં વાક્યોથી પાલખીમાંની સ્ત્રીની વિચારતંદ્રા તૂટી. પરિસ્થિતિનું જાણે ભાન થયું હોય એમ તેણે પોતાની કાંચળી ઊંચી કરીને બાળકને છાતીએ વળગાડ્યું. શિવકાંચીનું વાતાવરણ ફરી નિઃશબ્દ થઈ ગયું.

'કહાર! પગ ઉતાવળા ઉપાડો. ક્ષણભર પણ વિલંબ પાલવે એમ નથી.' પાલખીમાંની સ્ત્રીએ હુકમ છોડ્યો. પરિચિત અવાજ આવતાં પ્રજામાં ગણગણાટ શરૂ થયો.

'દેવી બ્રહ્મગિરા! દેવી બ્રહ્મગિરા!'

'અત્યારે? આમ એકલાં?'

'દેવીને તો હજી...' બે-ચાર સ્ત્રીઓનાં મોંમાંથી શબ્દો સરી પડ્યા ને બોલ અધૂરા રહ્યા, સૌ આંખો ફાડી નવાઈથી જોઈ રહ્યા.

પાલખી અશ્વની પેઠે દોડી.

■

શિવકાંચીના ભવ્ય મહેલ કનકપુરના પ્રાંગણમાં શ્વેત ધોતીમાં સજ્જ ચોપન-પંચાવનની ઉંમરનો એક પુરુષ ઊભો હતો. પાંચ હાથ પૂરો, વિશાળ છાતી, સ્નાયુબદ્ધ ખડતર શરીર ને તામ્રવરણી ત્વચા. મંદ પવનને લીધે ફરકતાં મૂછ અને માથાના વાળે હજી કાળાશ જાળવી રાખી હતી. તેનાં રક્તરંજિત નયનો ચારે દિશામાં ફરી રહ્યાં હતાં. તેના ચહેરા પર ગમગીનીના ભાવ સ્પષ્ટ દેખાઈ આવતા હતા. શરીર પર ઘણા ઘાવ હતા, છતાં જમણી બાજુની કપાયેલી ભ્રૂકુટિથી તે વધુ સોહામણો લાગી રહ્યો હતો. તે ઘડીમાં મહેલ તરફ જોતો હતો, તો ઘડીમાં ચોકીપહેરો ભરતા સૈનિકોને સૂચનો કરતો હતો. ઘડીમાં કાળાડિબાંગ અવકાશ તરફ આર્દ્ર નજર ટેકવતો હતો, તો ઘડીમાં મુખ્ય દ્વાર સામે કોઈકની રાહ જોતો હોય એમ જણાઈ આવતું હતું.

મહેલના મુખ્ય દ્વારની બહારથી કંઈક અવાજ આવતાં જ તે જોરથી બરાડ્યો, 'દ્વારપાળ! શી વાત છે? શેનો અવાજ છે?' તેના અવાજમાં ગુસ્સા સાથે ગ્લાનિ જણાઈ આવતી હતી.

'જી સેનાપતિજી! વિરાટ આવ્યો છે. અંદર આવવા પરવાનગી માગે છે.' દ્વારપાળ બોલ્યો.

મનમાં ઉત્કંઠિત થતાં, 'વિરાટ!' એક ક્ષણ વિચારી તરત કહ્યું, 'આવવા દો એને અંદર.'

'જી સેનાપતિજી.'

મુખ્ય દ્વાર ખૂલ્યું. સેનાપતિ વિરાટને આવતો જોઈ રહ્યો.

વિરાટ : સેનાપતિ સૂર્યમલ્લનો વિશ્વાસુ માણસ. ઉંમર હશે વીસ-બાવીસની. દેખાવે સામાન્ય, પણ બાહુબળમાં એની સામે દસ હોય તોય એને એકલો પહોંચી રહે તેવો. તલવારબાજી, તીરંદાજી, લાઠી અને ભાલાફેંકમાં પાવરધો. એના જેવું અશ્વારોહણ તો ભલભલો રાજવી પણ ન જાણે. ઓછું બોલનારો, પણ કામ કરવામાં તેની તોલે કોઈ ન

આવે. સૂર્યમલ્લના હુકમને શબ્દશઃ પાળનાર. તેનાં બધાં ગુપ્ત કાર્યોનો જાણકાર. શિવકાંચીમાં નિમકહલાલી માટે તેના દાખલા દેવાય.

વિરાટે નમસ્કાર કર્યા, 'કાશી વિશ્વનાથનો જય હો! શિવકાંચીનો જય હો!'

'જય હો!' બોલતાં બોલતાં સેનાપતિની આંખો વધુ લાલ બની. 'તું સૂર્યકોટિ જઈ આવ્યો? દેવીને ખબર આપ્યા? ત્યાંના શું ખબર છે? અને...' પુત્ર વિશે પૂછતાં પૂછતાં તે આગળ બોલ્યો નહીં.

'જી, સૌ કુશળ છે. અને...'

'અને? અને શું વિરાટ?' સૂર્યમલ્લ વાતનો અંદાજ લગાવવા મથ્યો, પણ લગાવી શક્યો નહીં.

'અને એ કે... દેવી બ્રહ્મગિરા શિવકાંચી પધારી ચૂક્યાં છે.' વિરાટ જણાવી રહ્યો હતો, ત્યાં જ... 'દેવી બ્રહ્મગિરા? અત્યારે? આ સ્થિતિમાં? મને જાણ પણ ન કરી? એવું એમને શું સૂઝયું કે આમ કાળી રાતે આવવું પડ્યું? શું તેં મારો સંદેશ જણાવ્યો નહોતો? કે પછી બીજું કોઈ ચિંતાનું કારણ છે?'

એકસામટા સવાલોથી વિરાટ સેનાપતિ સામે જોઈ રહ્યો.

'શું મેં કહ્યું એ મુજબ તેં સંદેશ દીધો નહોતો?' સૂર્યમલ્લે ફરીથી પૂછ્યું.

'જી... આપના જણાવ્યા અનુસાર જ, મેં જાતે જ એમને સંદેશ પહોંચાડ્યો હતો, પણ...!'

'પણ શું વિરાટ?'

'પણ, દેવીએ કહ્યું... તું થોડી પ્રતીક્ષા કર. હું પણ તારી સાથે શિવકાંચી આવવા ઇચ્છું છું.'

'અને તેં મારી અવજ્ઞા કરી દેવીની વાત માની લીધી, એમ જ ને? એમને સાથે લેતો આવ્યો!' સેનાપતિ કરડી નજરે જોઈ રહ્યો.

'ના... સેનાપતિજી. મેં દેવીને ચોખ્ખી ના પાડી હતી. કહ્યું હતું કે સેનાપતિજી સાથે આપને લઈ જવાની કોઈ વાત થઈ નથી. વળી શું હું અહીંની પરિસ્થિતિ નહોતો જાણતો કે એવી મૂર્ખામી કરું?'

'તો પછી દેવી...'

'મારા ત્યાંથી નીકળ્યા બાદ તેઓ પોતાની જાતે આવી ગયાં છે. કોઈ સલામતી દળ વગર.'

સેનાપતિ ચિંતિત સ્વરે બબડ્યો, 'દેવી ઘણી વાર અણછાજતું વર્તન કરે છે. અહીંની સ્થિતિ જાણ્યા બાદ એમને અહીં આવવાની શી જરૂર? અને આવી કાચી કાયાએ... આવી નાદાની શા માટે? એમના અહીં આવવાથી પરિસ્થિતિ બદલાઈ જવાની નથી. ઉપરથી મારી જવાબદારી વધી પડવાની છે.'